પીવાના પાણીની તંગી અન્વયે ગામની આંતરિક સુવિધાઓ અંતર્ગત કરવાની થતી કામગીરીમાં લોકફાળો ન લેવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્રઃ ક્રમાંકઃવીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦/ખ.૪ (૨)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૭/૦૭/૨૦૧૨

વંચાણે લીધાઃ

1. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક આર.ડબલ્યુ.એસ. /૧૦૨૦૦૨/ જીઓઆઇ./ ૨૫૫/ ખ-૩ તા. ૨૪-૯-૨૦૦૩
2. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક અછત/૧૦૨૦૦૫/ તા. ૧-૪-૨૦૦૦
3. ગુજરાત પાણી પુરવઠા અને વ્ય. બોર્ડ ગાંધીનગરના પરિપત્રઃ ક્રમાંક અછતસેલ/ લોકફાળો/૫૧ તા. ૨૫!-૦૪-૨૦૦૫
4. ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય
   પેયજળ અપૂર્તી વિભાગ તરફથી ડબલ્યુ / ૧૧૦૨૧ / ૨ / ૨૦૦૩ તા. ૧૫-૫-૨૦૦૬
5. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગુજરાત પરિપત્ર ક્રમાંક આર.ડબલ્યુ.એસ. /૪૧૬ ખ-૪ તા. ૦૩-૦૪-૨૦૧૦

પરિપત્રઃ-

રાજ્યની ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓ અન્વયે ગામની અંદરની પીવાના પાણીની વ્યવસ્થા લોકભાગીદારીથી કરવા ૧૦ ટકા લોકફાળો લેવા માટે વંચાણે લીધેલ ક્રમાંક ૧ થી ૫ મુજબ વખતો વખત ઠરાવ/ પરિપત્ર કરવામાં આવેલ છે. પરંતુ ચાલુ સાલે હજુ સુધી વરસાદ સારો ન પડવાથી સંભવિત પીવાના પાણીની તંગીને ધ્યાને લઇને હવે ગામની આંતરિક પીવાના પાણીની સુવિધાઓ જેવી કે પાણી માટેના ઉંડા પાતાળ કૂવા, હેન્ડપંપ માટેના બોર, મોટર કેબલ, કોલમ પઇપો કંટ્રોલ પેનલ બોર્ડ જેવી સુવિધાઓમાં તાઃ ૩૧.૦૩.૨૦૧૩ સુધી કરવાના રહેશે. સારો વરસાદ થાય અને પરિસ્થિતિ બદલાય તો સરકાર યોગ્ય નવી સૂચના આપશે ત્યાં સુધી

૨૫૦

લોકફાળાની કોઇપણ રકમ ન લેતાં પાણી પુરવઠા વિભાગ / બોર્ડમાંથી સ્વભંડોળમાંથી ૧૦૦ ટકા ખર્ચે કામો કરવાના રહેશે.

(૧) ઉત્તર ગુજરાત તથા રાજ્યના અન્ય વિસ્તારોમાં કે, જ્યાં ઉંડા પાતાળકુવા (ટ્યુબવેલ) બનાવવા જરૂરી છે ત્યાં અત્યારે ૧૦ ટકા લોકફાળો લેવામાં આવે છે તે તા: ૩૧.૦૩.૨૦૧૩ સુધી અથવા સારો વરસાદ થાય અને પરિસ્થિતિ બદલાય તો સરકાર યોગ્ય નવી સૂચના આપશે ત્યાં સુધીમાં મંજૂર થનાર તમામ ટ્યુબવેલ માટે માફ કરવો અને ૧૦૦ ટકા ગ્રાન્ટથી ટ્યુબવેલ બનાવી આપવા

(૨) સૌરાષ્ટ્ર-દાહોદ-પંચમહાલ અને સાબકાંઠા જિલ્લામાં જ્યાં પથ્થરવાળી જમીન છે ત્યાં પણ નવા બોર જેને સૌરાષ્ટ્રમાં ડાર કહે છે તે ૧૦૦ ટકા ગ્રાન્ટથી સરકારી ખર્ચે બનાવવા.

(૩) હેન્ડપંપ ટ્યુબવેલ વિગેરેમાં જરૂરી પાર્ટસ-મશીનરી-ઇલેક્ટ્રીક સાધનો- કોલમ પાઇપો વિગેરે જે પણ જરૂરી હોય અને મંજૂરી આપવામાં આવી હોય તેવી બધીજ સાધન સામગ્રી ૧૦૦ ટકા ગ્રાન્ટથી ફાળવવા (લોકફાળો માફ કરવો)

(૪) નગરપાલિકા વિસ્તારોમાં પાણીની વ્યવસ્થા વધારે સઘન બનાવવી જરૂરી જણાય ત્યાં કાર્યપાલકઇ ઇજનેર (પા. પુ.) અને કલેકટરની ભલામણ હોય ત્યાં ૧૦૦ ટકા સરકારી ખર્ચથી જરૂરી કામગીરી ઉપરોક્ત સૂચનાનુસાર કરાવી આપવી. તથા નીચે મુજબ શરતોનું પાલન કરવાનું રહેશે.

(અ) ઉપરોક્ત પરિપત્રનો મૂળ હેતુ પ્રજાને પીવાનું પાણી પૂરૂં પાડવાનો જ છે.

(બ) મુળ હેતુ સિવાય કોઇ કામ મંજૂર કરવાનુ રહેશે નહિ.

(ક) દરેક કાર્યપાલક ઇજનેરશ્રીએ દર મહિને કેટલો ખર્ચ ક્યા કામ માટે થયો તેનું પત્રક દર મહિનાની ૧૦ તારીખ પહેલા સંબધિત અધિક્ષક ઇજનેરશ્રીને તથા એક નકલમાં માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ના કાર્યાલયમાં અચૂક મોકલવાનું રહેશે. આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(रवि सोलंकी)
મુખ્ય ઇજનેર અને અધિક સચિવ

*નકલ સવિનવ રવાના પ્રતિ:*

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- માન. મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ
- માન. રાજ્યમંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

- માન. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૧/3 સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સર્વે)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- અગ્ર સચિવશ્રી (સર્વે)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- સચિવશ્રી (સર્વે) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- રાહત કમિશ્નરશ્રી, (મહેસુલ વિભાગ) સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- કલેકટરશ્રી (સર્વે)
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી (સર્વે)
- સભ્ય સચિવશ્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી (GWIL) જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાતકાલિક હાથ ધરવા સારૂ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી (WASMO) જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.
- ~~મુખ્ય~~ ઇજનેરશ્રી (અછત) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧ / ૨ / ૩ અને ૪ વડોદરા / અમદાવાદ/ રાજકોટ અને ભૂજ-કચ્છ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.
- નાણા સલાહકારશ્રી નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા પ્રભાગ સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- નાણા નિયંત્રકશ્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારુ
- ઉપ સચિવશ્રી (તાંત્રિક) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી હાથ ધરવા સારુ
- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી સર્વે નર્મદા જળ સંપત્તિ અને પાણીસ પુરવઠા પ્રભાગ સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારુ
- સેકશન અધિકારીશ્રી ખ/ ખ-૨, ખ્-3 અને ખ્-૪ જાણ સારુ
- સિલેકટ ફાઇલે